ક્રેડિટ કાર્ડના બહાને અન્ય 5 કાર્ડમાંથી રૂ.8.49 લાખ ઊંચકાઇ ગયા

સુરતઃ સારોલી ખાતે આવેલી મોડેલ ટાઉન રેસિડેન્સી રહેતા અને મહેશ્વરી ભવન, સિટી લાઇટ ખાતે મેઇન્ટેનન્સ મેનેજર તરીકે નોકરી કરતાં ૫૧ વર્ષીય મહાવીરપ્રસાદ શર્મા સાથે નવું ક્રેડિટ કાર્ડ બનાવી આપવાની લાલચ આપી રૂ. ૮,૪૯,૮૫૭ની ઓનલાઇન ઠગાઇ થઇ છે. ગત ૭ ઓગસ્ટે વોટ્સએપ પર કોલ આવ્યો હતો. કોલ કરનારે પંકજકુમાર શર્મા તરીકે ઓળખ આપી 'બેંક ઓફ બરોડાના યુની એક્સ ગોલ્ડ ક્રેડિટ ડિપાર્ટમેન્ટ'માંથી બોલતો હોવાનું જણાવી પાનકાર્ડ અને સરનામાની વિગતો વેરિફાઇ કરી લીધી હતી. બાદમાં ઇક્વિટાસ, એસબીઆઇ, કોટક મહિન્દ્રા, બીઓબી અને આરબીએલ એમ પાંચ ક્રેડિટ કાર્ડમાંથી રકમ કપાઇ ગઇ હતી. સારોલી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ઉધનામાં બાઇક ચાલકે અડફેટે લેતાં વૃદ્ધનું મોત

સુરતઃ મૂળ નેપાળના વતની 65 વર્ષીય રાજેશ મનોહર શર્મા હાલમાં ઉધના હરિનગર-2 પાસે આવેલા આશાનગરમાં રહેતો હતો અને સ્થાનિક વિસ્તારમાં જ ચાઇનીઝની લારી પર કામ કરતો હતો. ગત 20મી રાતે તે કામ પરથી ચાલીને ઘરે જઇ રહ્યો હતો. ત્યારે હરિનગર 2 પાસે રાજેશને અજાણ્યા બાઇક ચાલકે ટક્કર મારી હતી. સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન કાલે સાંજે તેનું મોત થયું હતું.

અમરોલીમાં ચોથા માળેથી પટકાયેલા યુવકનું મોત

સુરત : મૂળ ઉત્તરપ્રદેશના અયોધ્યાના વતની અને હાલ અમરોલીના કોસાડ સ્થિત લક્ષ્મી ઇન્ડસ્ટ્રીઝમાં રહેતા 28 વર્ષીય વિષ્ણુ દશરથ રાજપૂત વેદાંત ઇન્ડસ્ટ્રીઝમાં આવેલા એક એમ્બ્રોઇડરીના ખાતામાં કામ કરતા હતા. તેઓ વતનમાં રહેતી પત્ની સહિતના પરિવારનું ગુજરાન ચલાવતા હતા. દરમિયાન ગત 28મી તારીખે સવારે વિષ્ણુ ઘરના ચોથા માળેથી અકસ્માતે નીચે પટકાયા હતા. ગંભીર ઇજાઓ થતાં તેમને તાત્કાલિક સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, સારવાર દરમિયાન આજે સવારે તેમનું મોત નીપજ્યું હતું.

સચિનમાં ગુડ્સ લિફ્ટની ટ્રોલી તૂટી પડતાં શ્રમિકનું મોત

સુરત : મૂળ ઉચ્છલ તાલુકાના વતની 48 વર્ષીય વિનોદભાઇ બાબુભાઇ વસાવા હાલ સચિન ઇન્ડસ્ટ્રી વિસ્તારમાં આવેલા લક્ષ્મીવિલામાં રહેતા હતા. તેઓ લક્ષ્મીવિલા પાસે આઇ-નાઇનના 8 અને 9 નંબરની વચ્ચે નવા બની રહેલા કાપડ યુનિટમાં મજૂરી કામ કરતા હતા. આજે સવારે તેઓ કામ પર હાજર હતા ત્યારે કાપડ યુનિટના ત્રીજા અને ચોથા માળની વચ્ચે આવેલી ગુડ્સ લિફ્ટની ટ્રોલી અચાનક તૂટી પડી હતી. ટ્રોલી નીચે પડ્યા બાદ ઉછળીને વિનોદભાઇના માથામાં વાગતાં તેઓ ગંભીર રીતે ઇજાગ્રસ્ત થતાં નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગે સચિન જીઆઇડીસી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

3 વર્ષથી બંધ શાળાના રેકર્ડ રૂમમાં આગ

ભૂત શેરી નજીક એસએમસીની શાળાના ત્રીજા માળે આગથી દોડધામ

ફાયર વિભાગે સતત પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો, આગ અને પાણીના કારણે રૂમમાં રાખેલા જન્મ-મરણના દસ્તાવેજોને નુકસાન

આરોગ્ય વિભાગના રેકર્ડ રૂમમાં આગ લાગવાનું કારણ અકબંધ

સુરતઃ મહિધરપુરા ભૂત શેરી નજીક આવેલી મહાનગરપાલિકાની શાળાના ત્રીજા માળે આવેલા રેકર્ડ રૂમમાં ગઈકાલે રાત્રે અચાનક આગ ભભૂકી ઊઠતાં દોડધામ મચી ગઈ હતી. છેલ્લાં ત્રણ વર્ષથી શાળા બંધ હોવા છતાં આ રૂમનો ઉપયોગ આરોગ્ય વિભાગ દ્વારા જન્મ-મરણના મહત્ત્વના દસ્તાવેજો રાખવા માટે કરવામાં આવતો હોવાનું બહાર આવ્યું છે. આગ અને પાણીના કારણે આ દસ્તાવેજોને નુકસાન પહોંચ્યું હતું. બનાવની જાણ થતાં જ ઘાંચી શેરી ફાયર સ્ટેશનનો કાફલો સ્થળ પર દોડી ગયો હતો.

ઘાંચી શેરીના ફાયર સબ ઓફિસર મહેશ પટેલે જણાવ્યું હતું કે, ભૂત શેરી નજીક આવેલી એસએમસીની શાળા છેલ્લાં ત્રણેક વર્ષથી બંધ છે. જોકે, શાળાના ત્રીજા માળે આવેલા રૂમનો ઉપયોગ આરોગ્ય વિભાગ રેકર્ડ રૂમ તરીકે કરે છે. ગઈકાલે રાત્રે આ રૂમમાં અચાનક આગ લાગી હતી. ફાયર બ્રિગેડ પહોંચે તે પહેલાં રેકર્ડ રૂમના અધિકારીઓ પણ સ્થળ પર આવી પહોંચ્યા હતા. ફાયર વિભાગે સતત પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. જોકે, આગ અને પાણીના કારણે રૂમમાં રાખેલા જન્મ-મરણના દસ્તાવેજોને નુકસાન થયું હતું. રૂમમાં આગ કયાં કારણોસર લાગી તેનું ચોક્કસ કારણ હજુ જાણવા મળ્યું નથી.



બેદરકારી: મહત્ત્વના દસ્તાવેજો રાખેલા રેકર્ડ રૂમની તમામ બારીઓ ખુલ્લી

મહિધરપુરા ભૂત શેરી નજીક આવેલી એસએમસીની બંધ શાળાના ત્રીજા માળે આવેલા રેકર્ડ રૂમમાં આગ લાગવાની ઘટના બાદ સુરક્ષાને લઈને પણ સવાલો ઊભા થયા છે. આરોગ્ય વિભાગ દ્વારા જન્મ-મરણના મહત્ત્વના દસ્તાવેજો આ રૂમમાં રાખવામાં આવ્યા હતા. તેમ છતાં રૂમની તમામ બારીઓ ખુલ્લી રાખવામાં આવી હોવાનું ફાયર વિભાગના ધ્યાન પર આવ્યું હતું. ઘાંચી શેરીના ફાયર સબ ઓફિસર મહેશ પટેલે જણાવ્યું હતું કે, રેકર્ડ રૂમ જેવી મહત્ત્વની કચેરીની તમામ બારીઓ ખુલ્લી રાખવામાં આવી હતી. આ બેદરકારી અંગે સ્થળ પર પહોંચેલા અધિકારીઓને જાણ કરવામાં આવી હતી. ફાયર અધિકારીએ તમામ બારીઓ બંધ રાખવા માટે પણ સૂચના આપી હતી. ત્રણ વર્ષથી બંધ શાળાના ત્રીજા માળે મહત્ત્વના સરકારી દસ્તાવેજો રાખવામાં આવતા હોવા છતાં રૂમની સુરક્ષા અને બારીઓ ખુલ્લી રાખવાની બાબત ચર્ચાનો વિષય બની છે. આગની ઘટના બાદ દસ્તાવેજોની સુરક્ષા અને જાળવણી સામે પણ સવાલો ઊભા થયા છે.

ગણેશોત્સવમાં કામ પૂરું કરવાની ખાતરી અપાઇ હતી, હવે દિવાળી બગડશે

શાસક પક્ષ નેતાના વોર્ડમાં જ બે વર્ષથી સીસી રોડનું કામ અધૂરું

ગોકળગાય ગતિએ ચાલતી કામગીરીથી 6,803 પરિવાર હાલાકીમાં, 'કામ નહીં તો વોટ નહીં'ની ચીમકી

સુરતઃ સોસાયટીઓમાં સીસી રોડ બનાવવાની મંજૂરી મળ્યાનાં બે વર્ષ બાદ પણ માત્ર 15 ટકા કામગીરી જ થઇ શકી છે. તંત્રની આ ગોકળગાય ગતિને કારણે આસપાસના વિસ્તારમાં રહેતા 6800થી વધુ લોકને રોજિંદી અવરજવરમાં ભારે હાલાકી ભોગવી રહ્યા હોય રાંદેર ઝોનના કૃષ્ણનગર સોસાયટીના રહીશોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. સ્થાનિક મહિલાઓએ આક્ષેપ લગાવ્યો છે કે, એક તરફ પ્રજા ખાડા, કીચડ અને પથ્થરોવાળા રસ્તાઓથી પરેશાન છે, ત્યારે



બીજી તરફ ટેક્સના પૈસે સત્તાધારી પક્ષના નેતાઓ ઓફિસોમાં બેસીને 'ભજિયાં પાર્ટી'ની મજા માણી રહ્યા છે. આ પરિસ્થિતિથી ત્રસ્ત મહિલાઓએ આગામી ચૂંટણીમાં ભાજપને પોતાની સોસાયટીમાંથી એક પણ વોટ ન આપવાની ખુલ્લી ચીમકી ઉચ્ચારી છે.

છેલ્લા એક વર્ષથી ગટર લાઇનની કામગીરી બાદ રસ્તા પર માત્ર મોટા પથ્થરો નાંખી દેવાયા છે. નવરાત્રિ અને ગણેશોત્સવ જેવા તહેવારોમાં રોડ બનાવવાની ખાતરી આપવામાં આવી હતી અને હવે દિવાળી પણ આવી ગઇ છે. લોકો નિયમિત ટેક્સ ભરે છે છતાં પાલિકામાં 80થી 100 ટકા જેટલી ફરિયાદો નિરાકરણ લાવ્યા વિના જ ક્લોઝ કરી દેવામાં આવે છે. દરેક ઘર દીઠ 25-25 હજાર રૂપિયાનો ખર્ચ ગટર લાઇનના નામે લોકોના માથે આવ્યો છે. આટલો ખર્ચ કર્યા બાદ પણ રસ્તાઓ પર નાંખવામાં આવેલા મોટા પથ્થરોને કારણે વાહનો સ્લિપ થવાના અને અકસ્માત થવાના બનાવો રોજિંદા બની ગયા છે. રોષે ભરાયેલી મહિલાઓએ સીધી ચીમકી આપી છે કે જો આ પથ્થરો તાત્કાલિક નહીં હટાવાય, તો તેઓ જાતે જ આ પથ્થરો ઉંચકીને પાલિકાની કચેરી પર નાંખી આવશે.

દિવાળીમાં ખાનગી બસોના ભાડામાં વધારા સામે રોષ

સૌરાષ્ટ્ર જતી બસોમાં સિંગલ સીટના 1,500 અને ડબલ સોફાના રૂ.3,000 સુધી ભાડાં વસૂલવાના યુવતીના વિડીયોમાં આક્ષેપ

સુરતઃ દિવાળીના તહેવાર નિમિત્તે વતન જવા નીકળેલા સુરતના રત્નકલાકારો અને મધ્યમ વર્ગના પરિવારોને ખાનગી લક્ઝરી બસોના બેફામ ભાડા વધારાનો સામનો કરવો પડી રહ્યો છે. સામાન્ય દિવસોની સરખામણીએ બમણાંથી ત્રણ ગણાં ભાડાં વસૂલવામાં આવતાં મુસાફરોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. આ મુદ્દે સોશિયલ મીડિયા પર એક યુવતીનો વિડીયો વાયરલ થયો હોવાનું સામે આવ્યું છે,

યુવતીએ વિડીયોમાં જણાવ્યું હતું કે, સુરતના રત્નકલાકારો આખું વર્ષ મહેનત કરીને પરિવાર માટે બચત કરે છે. દિવાળીમાં પરિવાર સાથે વતન જવા માટે નીકળે ત્યારે ખાનગી બસ સંચાલકો મુસાફરોની મજબૂરી અને વધતી માંગનો લાભ લઈને મનફાવે તેવા ભાડાં વસૂલે છે. સુરતથી સૌરાષ્ટ્ર જતી કેટલીક બસોમાં સિંગલ સીટના રૂ.1,500 અને ડબલ સોફાના રૂ.3,000 સુધી ભાડાં વસૂલવાના અહેવાલો છે.

યુવતીએ દિવાળી બાદ સુરત પરત ફરતી વખતે ગેરવાજબી ભાડાં વસૂલનારા બસ સંચાલકોની બસોમાં બુકિંગ નહીં કરાવવા રત્નકલાકારોને અપીલ કરી છે. સામૂહિક બહિષ્કારથી સંચાલકોને પાઠ ભણાવવાની વાત પણ કરી છે. ખાનગી બસોના ભાડાવધારા સામે પૂર્વ ધારાસભ્ય ધીરુ ગજેરા અને ડાયમંડ વર્કર યુનિયનના ઉપપ્રમુખ ભાવેશ ટાંક પણ અગાઉ રજૂઆત કરી ચૂક્યા છે. હવે મુસાફરોની માંગ છે કે તંત્ર મનસ્વી ભાડાં વસૂલી સામે અસરકારક કાર્યવાહી કરે.

સ્માર્ટ સિટીના ડિંડોલી-ભેસ્તાન રોડ પર 5 મહિનાથી ખાડારાજ

500 મીટરનો રસ્તો ધોવાઈ ગયો, વચ્ચે જોખમી ભૂવો છતાં બેરિકેડ પણ નહીં, મુખ્યમંત્રીની સૂચના બાદ પણ કાર્યવાહી નહીંનો આક્ષેપ કરાયો

સુરતઃ સ્માર્ટ સિટી સુરતના તંત્રની પોલ ડિંડોલી-ભેસ્તાન રોડ પર ખૂલી રહી છે. ભેસ્તાનની મહેક રેસિડેન્સી, લુમ્બિની રેસિડેન્સી, અંબિકા વિલા, મંગલમૂર્તિ સોસાયટી અને પ્રજ્ઞેશ વર્લ્ડ સહિતની સોસાયટીઓના મુખ્ય માર્ગ પર છેલ્લા 5 માસથી ખાડાએ રાજ જમાવ્યું છે.

500 મીટરનો રસ્તો વરસાદમાં ધોવાઈ જતાં વાહનચાલકો માટે આ માર્ગ જોખમી બની ગયો છે. રસ્તાની



વચ્ચે મસમોટો ભૂવો પડ્યો હોવા છતાં મનપાએ બેરિકેડ મૂકવાની પણ તસ્દી લીધી નથી. રસ્તાની બિસમાર હાલત વચ્ચે નો-એન્ટ્રી હોવા છતાં ડમ્પર અને પાણીનાં ટેન્કરો બેફામ દોડી રહ્યાં છે. રાત્રિના અંધકારમાં ખાડાઓને કારણે ટુ-વ્હીલર ચાલકો સ્લિપ થઈને પડી રહ્યા છે અને અનેક લોકોને ઈજાઓ પણ પહોંચી છે. સ્થાનિકોએ ઉધના ઝોન, એસએમસી ઓનલાઈન ફરિયાદ વ્યવસ્થા અને મુખ્યમંત્રીના પોર્ટલ સુધી રજૂઆતો કરી છે. મુખ્યમંત્રી કાર્યાલયે તપાસની સૂચના આપી હોવા છતાં કોઈ પરિણામ નહીં આવ્યાનો આક્ષેપ છે. સ્થાનિકોના સવાલો છે કે મુખ્યમંત્રીની સૂચના બાદ પણ કાર્યવાહી ન થતી હોય તો અધિકારીઓ કોને જવાબદાર છે? આકાશ, વિલાસ માલી અને સાગર નિકમ સહિતના રહેવાસીઓએ તંત્રની ઉદાસીનતા સામે રોષ વ્યક્ત કર્યો છે.

ઉર્દૂ માધ્યમના શિક્ષકોને ત્રાસનો વિવાદ મુખ્યમંત્રી સુધી પહોંચ્યો

15 દિવસ બાદ પણ સુપરવાઇઝર સામે કાર્યવાહી નહીં થતાં શિક્ષક મંડળે કમિશનર અને પ્રાથમિક શિક્ષણ નિયામકને કરી રજૂઆત

સુરતઃ સુરત મહાનગરપાલિકાની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની ઉર્દૂ માધ્યમની શાળાઓમાં શિક્ષકોને કામગીરીના નામે માનસિક ત્રાસ અપાતો હોવાના આક્ષેપો વકર્યા છે.

સુપરવાઇઝર સોએબ અજમેરવાલાની કાર્યપદ્ધતિ સામે શિક્ષકોએ ઇનચાર્જ શાસનાધિકારીને રજૂઆત કર્યાના 15 દિવસ બાદ પણ કોઈ કાર્યવાહી ન થતાં પ્રાથમિક શિક્ષક મંડળે આ વિવાદમાં ઝંપલાવ્યું છે. મંડળે મુખ્યમંત્રી, પાલિકા કમિશનર અને પ્રાથમિક શિક્ષણ નિયામકને લેખિત ફરિયાદ કરી તાત્કાલિક પગલાં ભરવાની માંગ કરી છે.

ગત 15 ઓક્ટોબરે આવેદનપત્ર આપ્યા બાદ પણ શિક્ષણ સમિતિએ કોઈ નક્કર પગલાં ન લેતાં અને શિક્ષકોની ફરિયાદોનો નિકાલ ન આવતાં, મંડળે કામગીરીનું ભારણ ઘટાડવા અને આંદોલન પહેલાં ઉકેલ લાવવાની ચેતવણી આપી છે. અગાઉ ઉર્દૂ માધ્યમના શિક્ષકોએ સુપરવાઇઝર સામે વધારાની ફાઈલો, વારંવાર અહેવાલો અને ખુલાસા માંગીને માનસિક દબાણ ઊભું કરવાના આક્ષેપો કર્યા હતા. આ ઉપરાંત સ્ટાફની હાજરીમાં અપમાનિત કરવા, તોછડું વર્તન, અશોભનીય ભાષા તેમજ પગાર કાપવા અને રાજીનામાની ધમકી આપવાના આરોપ સાથે તેમને ફરજમુક્ત કરી સ્વતંત્ર તપાસની માંગ કરાઈ હતી. હવે સંગઠન મેદાને પડતાં શિક્ષણ સમિતિના વહીવટ સામે સવાલો ઊભા થયા છે.

ખજોદ ડિસ્પોઝલ સાઈટ પર હોટફિક્સના કચરામાં ફરી આગ

રવિવાર બાદ મંગળવારે સાંજે પુનઃ આગ લાગી, આકાશમાં ધુમાડાના ગોટા ઊડ્યા, આગ સામે અનેક શંકાઓ

સુરતઃ સુરત મહાનગરપાલિકાની ખજોદ ડિસ્પોઝલ સાઇટ પાસે હોટફિક્સ કચરાના ઢગલામાં મંગળવારે સાંજે ફરી એકવાર રહસ્યમય સંજોગોમાં ભીષણ આગ ફાટી નીકળતાં સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. રવિવારે સવારે આગ લાગ્યા બાદ, ગણતરીના ૪૮ કલાકમાં જ મંગળવારે સાંજે ફરી એ જ સ્થળે કચરો સળગી ઊઠતાં આસપાસના વિસ્તારોમાં સ્થાનિક રહીશોમાં ભય ગયો હતો.

ફાયર વિભાગ દ્વારા મળતી માહિતી અનુસાર, ઘટનાની જાણ થતાં જ ત્રણ અલગ-અલગ ફાયર સ્ટેશનની ત્રણ ગાડીઓ સાથે ફાયર જવાનોનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. ફાયર ટીમે સતત પાણીનો મારો ચલાવીને આશરે બેથી અઢી કલાકની ભારે જહેમત બાદ આગ પર સફળતાપૂર્વક કાબૂ મેળવ્યો હતો. જો કે, વારંવાર એક જ જગ્યાએ લાગતી આગ પાછળ કોઈ અસામાજિક તત્વોનો હાથ છે કે કેમ તે બાબતે અનેક શંકા-કુશંકાઓ સેવાઈ રહી છે.

ચોથા માળે ગ્રીલ તૂટતાં નીચે પટકાયેલા કારખાનેદારનું મોત

સુરત : અમરોલી-કોસાડ વિસ્તારમાં આવેલા પ્રગતિ ઇકો પાર્કમાં એમ્બ્રોઇડરી કારખાનાના ચોથા માળે બાલ્કનીની લોખંડની ગ્રીલના ટેકે ઊભેલા ૨૩ વર્ષીય કારખાનેદારનું ગ્રીલ તૂટી જતાં નીચે પટકાવાથી મોત નીપજ્યું હતું. મૂળ ભાવનગર જિલ્લાના પાલીતાણા તાલુકાના ગોધણવદર ગામના વતની અને હાલ ઉત્રાણ-મોટા વરાછા વિસ્તારમાં આવેલા શિવધારા પેલેસમાં રહેતા ૨૩ વર્ષીય દર્શન મનસુખ વઘાસિયા અમરોલી-કોસાડના પ્રગતિ ઇકો પાર્કમાં ખાતા નંબર ૩૦માં એમ્બ્રોઇડરીનું કારખાનું ચલાવતા હતા. કાલે રાત્રે તેઓ કારખાનાના ચોથા માળે બાલ્કનીની લોખંડની ગ્રીલના ટેકે ઊભા હતા. દરમિયાન અચાનક ગ્રીલ તૂટી પડતાં દર્શન ગ્રીલ સાથે જ ચોથા માળેથી નીચે પટકાયા હતા. આ દુર્ઘટનામાં તેમને ગંભીર ઈજાઓ પહોંચતાં તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, ટૂંકી સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. વધુમાં જાણવા મળ્યા મુજબ, દર્શનના પિતા હીરાના કારખાનામાં નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. પરિવારમાં દર્શનને એક બહેન પણ છે.

જાહેર હરાજી

અત્રેથી GGST Act -2017 અને CGST Act -2017ની કલમ-130 તથા કલમ-68(3) અન્વયે રાજ્યવેરા ખાતાની સોનગઢ મોબાઇલ સ્કવોડ-2 દ્વારા જીએસટી ઓફીસ, સોનગઢ ખાતે તાઃ-20/11/2025ના રોજ અટકાવેલ વાહન નંબર GJ-01-KT-2753 માં MIX GOODS મળી આવેલ આ માલ GGST Act -2017 અને CGST Act -2017 ની કલમ-130 અન્વયે જમ કરવામાં આવેલ છે.

સદર માલમાં રહેલ MIX GOODS ની ઓનલાઇન જાહેર હરાજીની પ્રક્રિયા તારીખઃ 19/11/2026નાં રોજ બપોરના 13.00 કલાકથી 14.00 કલાક સુધીમાં કરવા તેમજ ઉપજનાર રકમ સરકારી તિજોરીમાં જમા કરાવવા ઠરાવેલ છે.

હરાજી અંગેની વિગતો રાજ્યવેરા વિભાગની વેબસાઇટ www.commercialtax.gujarat.gov.in તથા (n)code solution ની વેબસાઇટ https://e-auction.nprocure.com પર જોઇ શકાશે. (n)code solution નો હેલ્પલાઇન નંબર (Toll Free:7359021663) છે.

ઓનલાઇન જાહેર હરાજી ઇ-ઓકશનની પ્રક્રિયાથી થનાર હોઇ ભાગ લેનારે પોતાનું DIGITAL SIGNATURE CERTIFICATE મેળવી લેવાનું રહેશે. જેના માટે (n)code solution Gift City Tower 1 Zone-5 Gandhinagar ખાતે સંપર્ક કરવાનો રહેશે અન્યથા હરાજીમાં ભાગ લઇ શકાશે નહીં.

(કે. એસ. પટેલ)
રાજ્ય વેરા અધિકારી (૨)
સોનગઢ મોબાઇલ સ્કવોડ
વિભાગ-૮, સુરત

સ્થળઃ- સોનગઢ
તારીખઃ 02/11/2026
ક્રમાંક.માહિતી-સુરત/૮૩૧/૨૦૨૬

જાહેર હરાજી

અત્રેથી GGST Act -2017 અને CGST Act -2017ની કલમ-130 તથા કલમ-68(3) અન્વયે રાજ્યવેરા ખાતાની સોનગઢ મોબાઇલ સ્કવોડ-2 દ્વારા જીએસટી ઓફીસ, સોનગઢ ખાતે તાઃ-12/06/2026ના રોજ અટકાવેલ વાહન નંબર GJ-24-X-5359 માં MIX GOODS મળી આવેલ આ માલ GGST Act -2017 અને CGST Act -2017 ની કલમ-130 અન્વયે જમ કરવામાં આવેલ છે.

સદર માલમાં રહેલ MIX GOODS ની ઓનલાઇન જાહેર હરાજીની પ્રક્રિયા તારીખઃ 19/11/2026નાં રોજ બપોરના 14.00 કલાકથી 15.00 કલાક સુધીમાં કરવા તેમજ ઉપજનાર રકમ સરકારી તિજોરીમાં જમા કરાવવા ઠરાવેલ છે.

હરાજી અંગેની વિગતો રાજ્યવેરા વિભાગની વેબસાઇટ www.commercialtax.gujarat.gov.in તથા (n)code solution ની વેબસાઇટ https://e-auction.nprocure.com પર જોઇ શકાશે. (n)code solution નો હેલ્પલાઇન નંબર (Toll Free:7359021663) છે.

ઓનલાઇન જાહેર હરાજી ઇ-ઓકશનની પ્રક્રિયાથી થનાર હોઇ ભાગ લેનારે પોતાનું DIGITAL SIGNATURE CERTIFICATE મેળવી લેવાનું રહેશે. જેના માટે (n)code solution Gift City Tower 1 Zone-5 Gandhinagar ખાતે સંપર્ક કરવાનો રહેશે અન્યથા હરાજીમાં ભાગ લઇ શકાશે નહીં.

(કે. એસ. પટેલ)
રાજ્ય વેરા અધિકારી (૨)
સોનગઢ મોબાઇલ સ્કવોડ
વિભાગ-૮, સુરત

સ્થળઃ- સોનગઢ
તારીખઃ 02/11/2026
ક્રમાંકઃ માહિતી-સૂરત/૮૩૦/૨૦૨૬

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

સલાબતપુરા શાખા : ગ્રાઉન્ડ ફ્લોર, ફાઈનાન્શિયલ સુપર માર્કેટ, રૂપમ સીનેમા નજીક, માછીવાડ, રીંગ રોડ, સલાબતપુરા, સુરત– ૩૯૫૦૦૩ ફોન : ૦૨૬૧–૨૩૨૫૧૧૬, ૨૩૨૬૮૯૨, ૨૩૩૨૫૯૫, Email : salaba@bankofbaroda.com

પરિશિષ્ટ–૪ [જુઓ રૂલ ૮(૧)] કબજા નોટીસ

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ અને તેમને આ ધારાની કલમ ૧૩ સાથે વાંચતા રૂલ–૩ હેઠળ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ **તા.૧૭.૦૩.૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને **દેવાદાર/ગીરવેદાર શ્રી લાલજીભાઈ જસમતભાઈ હીરપરા અને સહદેવાદાર/સહગીરવેદાર શ્રીમતી હેમાલીબેન લાલજીભાઈ હીરપરા** ને નોટીસમાં દર્શાવેલ રકમ **રૂા.૧૪,૧૮,૭૨૮.૫૭/– (અંકે રૂા. ચૌદ લાખ અઢાર હજાર સાતસો અઠ્ઠાવીસ અને સત્તાવન પૈસા પુરા) તા. ૧૭.૦૩.૨૦૨૬ ના બાકી (તા. ૨૮.૦૨.૨૦૨૬ સુધી નુ વ્યાજ સહિત)** અને વધારાનું વ્યાજ અને ચાર્જીસ અને ખર્ચાઓ આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર / સહદેવાદાર/ ગીરવેદાર આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર /સહદેવાદાર/ ગીરવેદાર અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારા ૧૩(૪) ના રૂલ ૮ સાથે વંચાણે લઈ **તારીખ ૩૧મી ઓકટોબર ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદાર/સહદેવાદાર / ગીરવેદાર અને જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા** ની રકમ **રૂા.૧૪,૧૮,૭૨૮.૫૭/– (અંકે રૂા. ચૌદ લાખ અઢાર હજાર સાતસો અઠ્ઠાવીસ અને સત્તાવન પૈસા પુરા) તા. ૨૬.૦૬.૨૦૨૬ ના બાકી (તા. ૨૮.૦૨.૨૦૨૬ સુધી નુ વ્યાજ સહિત)** અને વધારા ના વ્યાજ અન્ય ચાર્જીસ અને ખર્ચાઓ ને આધીન રહેશે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે 'શુભ ગ્લોબલ ગામ' નો પ્લોટ નં.૨૫૦ (કેજેપી મુજબ નવો બ્લોક નં.૩૨–૨૫૦) માપ ૪૨.૩૮ ચો.મીટર પ્રમાણસર વણવહેચાયેલ હિસ્સા જમીન અને સીઓપી માપ ૨૫.૩૭ ચો.મીટર, સર્વે નં. ૪૧,૪૨, બ્લોક નં. ૩૨, મોજે.વેલંજા, તા.કામરેજ, જી. સુરત ખાતે **શ્રી લાલજીભાઈ જસમતભાઈ હીરપરા અને શ્રીમતી હેમાલીબેન લાલજીભાઈ હીરપરા** ની સંયુક્ત માલિકીની આવેલ છે જેની ચર્તુદિશા **પૂર્વ તરફ** : જોડેનો પ્લોટ નં.૨૨૩, **પશ્ચિમ તરફ** : જોડેનો રોડ, **ઉત્તર તરફ** : જોડેનો પ્લોટ નં.૨૫૧, **દક્ષિણ તરફઃ** જોડેનો પ્લોટ નં.૨૪૯ આવેલ છે.

તા. ૩૧.૧૦.૨૦૨૬ । સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બૅંક ઓફ બરોડા, સલાબતપુરા શાખા

મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ

Muthoot Homefin

કોર્પોરેટ ઓફિસઃ યુનિટ નં. 19-NE, 19મો માળ, ધ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, રૂપારેલ કોલેજની નજીક, દાદર (વેસ્ટ), મુંબઈ, મહારાષ્ટ્ર - 400028

ડિમાન્ડ નોટિસ

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002ની કલમ 13(2) અંતર્ગત, સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ) નિયલ્સ, 2002 ના નિયમ 3(1) સાથે વાંચતા

નીચે સહી કરનાર મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ (MHIL)ના અધિકૃત અધિકારી છે, જેઓ સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 (ઉપરોક્ત અધિનિયમ) હેઠળ છે. ઉપરોક્ત અધિનિયમની કલમ 13(2) હેઠળ મળેલા અધિકારોનો ઉપયોગ કરીને, સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 3 સાથે વાંચતા, અધિકૃત અધિકારીએ ઉપરોક્ત અધિનિયમની કલમ 13(2) હેઠળ ડિમાન્ડ નોટિસ જારી કરી છે. આ નોટિસ નીચે જણાવેલ સંબંધિત ઉધાર લેનાર(ઓ) ("કહેવાતા ઉધાર લેનાર")ને જણાવવા માટે છે કે તેઓ સંબંધિત ડિમાન્ડ નોટિસમાં ઉલ્લેખિત રકમ નીચે જણાવ્યા મુજબ ચૂકવે.

ઉપરોક્તના સંબંધમાં આ નોટિસ દ્વારા ફરી એકવાર ઉપરોક્ત ઉધાર લેનારને સૂચના આપવામાં આવે છે કે તેઓ આ નોટિસના પ્રકાશનની તારીખથી 60 દિવસની અંદર MHILને ચૂકવણી કરે, જેમાં નીચે દર્શાવેલ તારીખોથી ચુકવણી અને/અથવા વાસ્તવિક વસૂલાતની તારીખ સુધી દર વર્ષે 2 ટકાના દરે વધુ વ્યાજ ઉમેરીને ચૂકવવાનું રહેશે, જે લોન કરારમાં વિગતવાર જણાવ્યા મુજબ અન્ય દસ્તાવેજો/લેખન સાથે, જો કોઈ હોય તો, ઉપરોક્ત ઉધાર લેનાર દ્વારા અમલમાં મૂકવામાં આવ્યા છે. લોનની નિયમિત ચુકવણીની સુરક્ષા માટે, અનુક્રમે ઉધાર લેનારાઓ દ્વારા MHIL પાસે નીચેની મિલકતો ગિરવે મૂકવામાં આવી છે.

ક્રમ નં.	ઉધાર લેનાર(ઓ)/ સહ-ઉધાર લેનાર(ઓ)/ ગેરેન્ટર/ લોન એકાઉન્ટ નં./ શાખા	કુલ બાકી લેણાં (રૂ.)	ડિમાન્ડ નોટિસની તારીખ	સુરક્ષિત મિલકતનું વર્ણન (સ્થાવર મિલકત)
1.	બિપિન જનાર્દન સતાલીસ / દિવ્યાબેન બિપિન સતાલીસ / 004-00404559 / સુરત	Rs. 6,50,956/- (અંકે રૂપિયા છ લાખ પચાસ હજાર નવસો છપ્પન પૂરા)	26 August 2026	"આંગન રેસિડેન્સી", બિલ્ડિંગ-D, ચોથા માળે આવેલ ફ્લેટ નં. 401, જેનું માપ આશરે 389 ચો. ફૂટ એટલે કે 36.15 ચો. મીટર છે, સાથે 7.5472 ચો. મીટર જમીનનો અવિભાજિત હિસ્સો, રસ્તા અને C.O.P.માં, મોજે ગામ તતીથૈયા, તાઃ પલસાણા, જિઃ સુરત ખાતે આવેલ ફાઇનલ પ્લોટ નં. 15, 16, 17 અને 18, જેનું કુલ માપ આશરે 188.68 ચો. મીટર છે, બ્લોક નં. 236, કુલ માપ હે. આરે 4043 ચો. મીટર, આકાર Rs. 8.43 પૈસા. સરહદઃ ઉત્તરેઃ સોસાયટીનો રસ્તો, દક્ષિણેઃ ફ્લેટ નં. 402, પૂર્વેઃ બ્લોક નં. 235, પશ્ચિમેઃ દાદર.

જો ઉપરોક્ત ઉધાર લેનારાઓ ઉપરોક્ત મુજબ MHILને ચુકવણી કરવામાં નિષ્ફળ જશે તો MHIL એક્ટની કલમ 13(4) અને લાગુ પડતા નિયમો હેઠળ ઉપરોક્ત સુરક્ષિત મિલકતો સામે, ઉધાર લેનારાઓના પોતાના જોખમે, ખર્ચ અને પરિણામો પર કાર્યવાહી કરશે.

ઉપરોક્ત ઉધાર લેનારાઓને એક્ટ હેઠળ ઉપરોક્ત મિલકતો વેચાણ, પટ્ટા પર કે અન્યથા MHILની અગાઉની લેખિત પરવાનગી વગર ટ્રાન્સફર કરવા પર પ્રતિબંધ છે. એક્ટની જોગવાઈઓ અથવા તેના હેઠળ બનાવેલા નિયમોનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘનમાં મદદ કરનાર કોઈપણ વ્યક્તિ એક્ટમાં જોગવાઈ કર્યા મુજબ કેદ અને/અથવા દંડ માટે જવાબદાર રહેશે.

તારીખઃ નવેમ્બર 04, 2026
સ્થળઃ સુરત

સહી/- અધિકૃત અધિકારી
મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ

बैंक ऑफ़ इंडिया Bank of India BOI

એસેટ રીકવરી શાખા સુરત : ૫મો માળ, બેંક ઓફ ઈન્ડિયા બિલ્ડીંગ, સુરત મેઈન શાખા, કણપીઠ લાલગેટ, સુરત ગુજરાત –૩૯૫૦૦૩. મો નં. : ૯૯૨૪૮૬૯૭૬૮

સરફેસી એક્ટ, ૨૦૦૨ હેઠળ મિલકતોની ઈ–હરાજી વેચાણ નોટીસ

ઈ–હરાજીની તા.૨૬.૧૧.૨૦૨૬ સવારે ૧૧ થી સાંજે ૫ સુધી (ઓટો એક્ષ્ટેન્શન નિયમ પ્રમાણે હરાજી બંધ થવા પહેલા ૧૦ મિનીટના વધારા સાથે)

સિકયુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ના રૂલ ૮(૬) અને ૯(૨) સાથે વંચાણે લઈ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ ૨૦૦૨ હેઠળ જાહેર જનતા અને ખાસ કરીને નીચે દર્શાવેલ દેવાદાર(રો) અને જામીનદાર(રો) ને નોટીસ આપી જણાવવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલકત(તો) કે જે સિકયોર્ડ ક્રેડીટર્સને ગીરવે/ચાર્જ કરેલ કે જેનો **પ્રત્યક્ષ કબજો** બેંક ઓફ ઈન્ડિયા, સિકયોર્ડ ક્રેડીટર્સ દ્વારા મેળવવામાં આવેલ છે. જેનું 'જ્યાં છે, જે કંઈ છે અને જેવું છે તેવું' ના ધોરણે બેંક ઓફ ઈન્ડિયા, સિકયોર્ડ ક્રેડીટર્સ દ્વારા જે તે દેવાદાર અને જામીનદારોના બાકી રકમ માટે ઈ–હરાજીથી વેચાણ કરવામાં આવશે. અનામત કિંમત અને ઈએમડીની રકમ નીચે મુજબ રહેશે. **નીચે સહી કરનાર દ્વારા નીચે જણાવેલ ઈ–હરાજી પ્લેટફોર્મથી વેચાણકરવામાં આવશે.**

અ. નં.	શાખાનું નામ / દેવાદાર / જામીનદાર / માલિક / ભાગીદાર / મિલકતના ગીરવેદાર નું નામ	વેચાણ માટેની મિલકતનું વર્ણન	અ) ડિમાન્ડ નોટીસ ૧૩(૨) ના સરફેસી એકટ ૨૦૦૨ હેઠળ / (બ) બાકી રકમ અને ડિમાન્ડ નોટીસની તારીખ / ક) કબજાનો પ્રકાર સાંકેતિક/પ્રત્યક્ષ/રચનાત્મક	ન્યુનતમ અનામત કિંમત(રૂા.) / (૧૦% આર.પી) ઈએમડી (રૂા.)
૧	મેસર્સ એપ્રીકોર્પ હેલ્થ પ્રાઈવેટ લિ., ડૉ. સુબોધ આર. કાંબલે (ડિરેકટર /જામીનદાર) શ્રીમતી ભારૂલતા કાંબલે (ડિરેકટર/ જામીનદાર), શ્રી સુરેશભાઈ પ્રતાપસિંહ આટેકર (ડિરેકટર/જામીનદાર)	રહેણાંકની મિલકત કે જે એન્ડસ એપાર્ટમેન્ટ ના ભોયતળીયા નો ફલેટ જી– ૩, એરીયા માપ ૨૨.૯૭૬૫ ચો.મીટર ટીકા નં. ૬૦, સી.એસ નં. ૩૧૧૨ પૈકી, જુનો વોર્ડ નં. ૬ અને નવો વોર્ડ નં. ૯ ના પ્રમાણસર વણવહેચાયેલ હિસ્સા સહિત જમીનમાપ ૩૨.૫ ચો.મીટર, આશાનગર સર્કલ નજીક, આશાનગર મેઈન રોડ, નવસારી – ૩૯૬૪૪૫ ખાતે શ્રીમતી ભારૂલતા જોન વન ડાર ગ્રાફ ની માલિકિનુ આવેલ છે.	તા. ૨૦.૦૮.૨૦૨૪ / રૂા.૬,૯૦,૩૮,૫૩૪.૪૫ (રૂપિયા છ કરોડ નેવું લાખ આડત્રીસ હજાર પાંચસો ચોત્રીસ અને પીસ્તાલીસ પૈસા પુરા) વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે, જો કોઈ રીકવરી થઈ હોય તો તે બાદ કરતા. / પ્રત્યક્ષ કબજો	રૂા. ૬,૮૦,૦૦૦ / રૂા. ૬૮,૦૦૦
૨	મેસર્સ સાંઈ રામ ક્રિએશન, શ્રી હરેશભાઈ મધુભાઈ ગોંડલીયા શ્રી સુરેશ દિનેશભાઈ ભાલીયા	રેહણાંક ફ્લેટ જે લક્ષ્મી નારાયણ ટાઉનશીપ નો બિલ્ડીંગ નં. એ, ત્રીજા માળ નો ફ્લેટ નં. ૩૦૫, સુપર બિલ્ટઅપ એરીયા માપ ७६૫.૦૦ ચો. ફુટ, રે.સ.નં. ૬૦/૨/૧, ખાતા નં. ૧૫૮૭, મોજે પારડી, સાંઢપોર, તા. વલસાડ, જી. વલસાડ – ૩૯૬૦૦૧ **શ્રી હરેશભાઈ મધુભાઈ ગોંડલીયા**ની માલીકીનો છે .	તા. ૧૨.૦૧.૨૦૧૮ / રૂા.૮૨,૭૮,૪૯૬.૧૦ (રૂપિયા બ્યાંસી લાખ ઈઠોતેર હજાર ચારસો છન્નુ અને દસ પૈસા પુરા) + વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે, જો કોઈ રીકવરી થઈ હોય તો તે બાદ કરતા. / પ્રત્યક્ષ કબજો	રૂા.૮,૧૩,૦૦૦ / રૂા.૮૧,૩૦૦
		રેહણાંક ફ્લેટ જે લક્ષ્મી નારાયણ ટાઉનશીપ નો બિલ્ડીંગ નં. એ, ત્રીજા માળ નો ફ્લેટ નં. ૩૦૬, સુપર બિલ્ટઅપ એરીયા માપ ७६૫.૦૦ ચો. ફુટ, રે.સ.નં. ૬૦/૨/૧, ખાતા નં. ૧૫૮૭, મોજે પારડી, સાંઢપોર, તા. વલસાડ, જી. વલસાડ – ૩૯૬૦૦૧ **શ્રી હરેશભાઈ મધુભાઈ ગોંડલીયા**ની માલીકીનો છે .		રૂા.૮,૧૩,૦૦૦ / રૂા.૮૧,૩૦૦
		રેહણાંક ફ્લેટ જે લક્ષ્મી નારાયણ ટાઉનશીપ નો બિલ્ડીંગ નં. બી, ચોથા માળ નો ફ્લેટ નં. ૪૦૪, સુપર બિલ્ટઅપ એરીયા માપ ૧૦૮૬.૦૦ ચો. ફુટ, રે.સ.નં. ૬૦/૨/૧, ખાતા નં. ૧૫૮૭, મોજે પારડી, સાંઢપોર, તા. વલસાડ, જી. વલસાડ – ૩૯૬૦૦૧ **શ્રી હરેશભાઈ મધુભાઈ ગોંડલીયા**ની માલીકીનો છે .		રૂા.૧૧,૫૮,૦૦૦ / રૂા.૧,૧૫,૮૦૦

હરાજીમાં ભાગ લેતા પહેલા બીડરોએ મિલકત/તોનું સાઈટ પરનું માપ અને રેવન્યુ રેકર્ડ માં પણ માપ ચકાસી લેવાનું રહેશે.

નિયમો અને શરતો : (૧) સદર મિલકતની હરાજી 'જેમ છે તેમ' અને જ્યાં છે ત્યાં' અને ઓનલાઈન કરવામાં આવશે. (૨) બીડરે વધુ વિગતો, નિયમો અને શરતો ડાઉનલોડ કરવા કૃપા કરી (એ) https://www.bankofindia.bank.in ની મુલાકાત લેવી. (બી) અમારી ઈ–હરાજી સેવા આપનારી વેબસાઈટ https://baanknet.com અને https://baanknet.com ની મુલાકાત લઈ શકે છે જ્યાં બીડરો માટે શૈક્ષણિક વિડીઓ ઉપલબ્ધ છે. બીડરો એ નીચેના સ્ટેપ બીડીંગમાં સારી રીતે પૂર્ણ કરવાના રહેશે. **સ્ટેપ ૧ :** બીડર/ખરીદનાર નોંધણી : ઈ–ઓકશન પ્લેટફોર્મ ઉપર નોંધણી કરનારે (ઉપર આપેલ લીંક) માં મોબાઈલ નંબર અને ઈમેલ આઈડી નો ઉપયોગ કરવાનો રહેશે. **સ્ટેપ ૨ :** કેવાયસી ખરાઈ : બીડરે જરૂરી દસ્તાવેજો અપલોડ કરવા માટે, કેવાયસી દસ્તાવેજોની ચકાસણી ઈ–હરાજી સેવા આપનાર દ્વારા કરવામાં આવશે. (કાર્યકારી ૨ દિવસ લાગી શકે છે). **સ્ટેપ ૩ :** બીડર ગ્લોબલ વોલેટ દ્વારા ઈએમડી રકમનું ટ્રાન્સફર, ઈ–હરાજી પ્લેટફોર્મ પર જનરેટ થયેલ ચલણનો ઉપયોગ કરીને એનઈએફટી ઈ–હરાજી પ્લેટફોર્મ ઓનલાઈન / ઓફ લાઈન ફંડનું ટ્રાન્સફર કરી શકાશે.**તા.૨૬/૧૧/૨૦૨૬ ના રોજ ૪ વાગ્યા પહેલા સ્ટેપ ૪ :** બીડીંગ પ્રક્રિયા અને હરાજીના પરિણામો : રસ ધરાવનાર રજીસ્ટર્ડ બીડર ઓનલાઈન ઈ–હરાજી પ્લેટફોર્મ પર ૧, ૨ અને ૩ સ્ટેપ પૂર્ણ કર્યા પછી બીડીંગ કરી શકશે. અને બીડર્સને જાણ કરવામાં આવે છે કે ઈએમડી જમા કરવા પહેલા ઈ–હરાજીની તારીખ પહેલા સ્ટેપ ૧, ૨ અને ૩ સંપૂર્ણ રીતે પૂર્ણ કરવા પડશે. (૩) અધિકૃત અધિકારીની મહત્તમ જાણકારી અને માહિતી અનુસાર મિલકત પર અન્ય કોઈ બોજો નથી છતાં બીડરે બીડ કરતા પહેલા મિલકતના ટાઈટલ અને ક્લેઈમ / હક્ક / બાકી / બોજા અંગેની જાણકારી મેળવી લેવી. ઈ–હરાજીની જાહેર ખબર બેંક પ્રત્યેની કોઈપણ પ્રતિબદ્ધતા અથવા કોઈપણ પ્રતિનિધીત્વ દર્શાવતી નથી કે દર્શાવતી હોઈ તેમ સમજી શકાશે નહી. મિલકતની હરાજી બેંક દ્વારા મિલકત ઉપરના હાલના તેમજ ભવિષ્યના જાણીતા કે અજાણ તમામ બોજા સહિત વેચવાની છે. અધિકૃત અધિકારી / સિકયોર્ડ ક્રેડીટર્સ થર્ડ પાર્ટી ના ક્લેઈમ / રાઈટ્સ / વાંધા માટે જવાબદાર રહેશે નહી. (૪) **નિરીક્ષણ ની તારીખ : ૧૯.૧૧.૨૦૨૬ ના રોજ સવારે ૧૧ થી ૪ વાગ્યા સુધી કરી શકાશે.** તે માટે સંબંધિત શાખાનો સંપર્ક કરવો. (૫) બીડ ફક્ત ઓનલાઈન દ્વારા જ રજૂ કરવી પડશે. (૬) બીડરોએ વેચાણની શરતો વાંચી અને સમજી છે અને તેના માટે બંધાયેલ છે એમ માનવામાં આવશે. (૭) સબમીટ કરવાની બીડ કિંમત અનામત કિંમતથી ઉપર રહેશે અને બીડર્સ તેમની બોલી **રૂા. ૧૦,૦૦૦/–(રૂા. દસ હજાર)** ના ગુણાંકમાં કરવાની રહેશે. (૮) બીડ રજૂ કરતા પહેલા બીડરે મિલકતનું નિરીક્ષણ તેમજ મિલકત અંગેની તમામ જાણકારી મેળવી લેવી. (૯) સફળ બીડર્સની ઈએમડી રકમ વેચાણ પ્રક્રિયામાં જમા લેવામાં આવશે અને અસફળ બીડરોની ઈએમડી પરત કરવામાં આવશે. (૧૦) ઈએમડી પર વ્યાજ મળશે નહી અને સફળ થનાર બીડરે અધિકૃત અધિકારી દ્વારા બીડની કિંમત સ્વીકાર્યા બાદ તરત જ વેચાણ કિંમતનાં ૨૫% (ઈએમડી સાથે) જમા કરવાનાં રહેશે અને વેચાણ કિંમતની બાકીની રકમ (૭૫%) વેચાણ નક્કી થયાની તારીખથી ૧૫ દિવસ કે તે પહેલા જમાં કરવાનું રહેશે. સફળ બીડર્સ દ્વારા રકમ જમા કરવામાં કસુર (વિલંબ) થયે બીડરની જમા રકમ જપ્ત થશે અને મિલકત પુનઃ હરાજીમાં મુકાશે અને કસુરવાર બીડની રકમ બાબતમાં કોઈપણ દાવો / અધિકાર રહેશે નહી. (૧૧) કોઈપણ ઈન્ટરનેટ નેટવર્ક સમસ્યા / પાવર નિષ્ફળતા/ અન્ય કોઈ ટેકનીકલ ખામી નિષ્ફળતા વગેરે માટે અધિકૃત અધિકારી / બેંક કે ઈ–હરાજી સેવા આપનાર ને જવાબદાર ગણવામાં આવશે નહી. આથી આકસ્મિક પરિસ્થિતીને દૂર રાખવા માટે ઈચ્છુક બીડરોને વિનંતી કરવામાં આવે છે કે તેમણે ઈ–હરાજીની પ્રક્રિયામાં ભાગ લેવા માટે સંપૂર્ણ સજ્જ છે તે ચકાસી લેવું. (૧૨) ખરીદનારે લાગુ સ્ટેમ્પ ડ્યુટી / રજીસ્ટ્રેશન ફી / લાગુ પડતા સરકારી લેણાં જીએસટી અન્ય ચુકવણી અને કોઈપણ કાનુની / બીન કાનુની બાકી કર / આકારણી વેરો વગેરે ભરવો પડશે. (૧૩) અધિકૃત અધિકારી / બેંક ઉચ્ચતમ ઓફર સ્વીકારવા બંધાયેલ નથી અને તે હરાજીની કાર્યવાહી કોઈપણ તબક્કે કોઈપણ કારણ આપ્યા વિના તમામ ઓફરોને સ્વીકારવા કે નકારવા અથવા ઈ–હરાજી મુલતવી રાખવા/રદ કરવા અથવા તેની કોઈપણ મિલકત અથવા ભાગ પાછો ખેંચવા સંપૂર્ણ અધિકાર અને વિવેક ધરાવે છે. (૧૪) વેચાણ પ્રમાણપત્ર ફક્ત ખરીદનાર / અરજદારના નામે જારી કરવામાં આવશે અને અન્ય કોઈપણ નામે જારી કરવામાં આવશે નહી. (૧૫) વેચાણ સિકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસ્સેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ ના અમલીકરણ હેઠળ નિયમો / શરતો ને આધિન રહેશે. વેચાણની શરતો પરની કોઈપણ વિગતો / પુછપરછ સંબંધિત શાખાના આપેલ સંપર્ક નંબરો પરથી મેળવી શકાશે. (૧૬) સરફેસી કાયદા મુજબ ઉપરોક્ત ખાતાના દેવાદાર / જામીનદાર / ગીરવેદાર ને **૧૫ દિવસ**ની નોટીસ દ્વારા ઉપરોકત તારીખે રાખેલ વેચાણ / હરાજીની જાણ કરવામાં આવેલ છે. (૧૭) " ખરીદનાર જયાં લાગુ પડે ત્યાં TDS ભોગવશે જેમાં અન્ય કાનુની લેણાં, નોંધણી ચાર્જ, સ્ટેમ્પ ડયુટી વગેરે નો સમાવેશ થાય છે.

તા.૦૧.૧૧.૨૦૨૬ । સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ ઈન્ડીયા, સુરત એસેટ રીકવરી શાખા, સુરત